આકાશવાણી, અમદાવાદ

15-01-2026 Midday: 2.30 to 2.35 pm

Thursday Regional News

## AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અમદાવાદમાં ગુજરાતી ભાષામાં પ્રકાશિત આદિ શંકરાચાર્યજીની ગ્રંથાવલિનું વિમોચન કર્યું. પાલડીના ટાગોર હૉલ ખાતે યોજાયેલા સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત અને ડૉક્ટર ગૌતમ પટેલ સંપાદિત આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલિના વિમોચન સમારોહમાં સંબોધન કર્યું હતું. તેમણે આ ગ્રંથાવલિનું સંપાદન અને પ્રકાશનને ડૉક્ટર ગૌતમ પટેલના જીવનની સૌથી મોટી સિદ્ધિ ગણાવી હતી. દરમિયાન શ્રી શાહે સ્વામી અખંડાનંદજીને પણ યાદ કરતા કહ્યું, રાજ્યના સામૂહિક ચરિત્ર નિર્માણમાં તેમનું મહત્વનું યોગદાન રહ્યું છે.

શ્રી શાહે યુવાનોને ગુજરાતી ભાષામાં અનુવાદ થયેલા ગ્રંથ વિવેક ચુડામણીને એક વાર વાંચવા પણ અપીલ કરી હતી.

. . . . . . . . . . . . .

## RAJYAPAL BHAVNAGAR SAMVAD

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ભાવનગરમાં કૃષિ સખી અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના ખેતરની મુલાકાત લીધી. રાજ્યપાલશ્રીએ ખેડૂતો સાથે સંવાદ પણ કર્યો હતો. તેમણે તાલુકા કક્ષાએ પ્રાકૃતિક ખેત ઉત્પાદનોના વેચાણ માટે અલગ બજાર તૈયાર કરવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા તેમજ જિલ્લાના વિવિધ અધિકારીઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

## 108 EMRI CASE

રાજ્યભરમાં ઉત્તરાયણ નિમિત્તે 108 ઈમરજન્સી મૅડિકલ સર્વિસીઝ – EMS દ્વારા 24 કલાક દેખરેખ રાખવામાં આવી રહી છે. ગઈકાલે 108 EMS દ્વારા પાંચ હજાર 897 ઈમરજન્સી મૅડિકલ કેસ નોંધવામાં આવ્યા છે, જે સામાન્ય દિવસની સરખામણીએ 33 ટકા વધુ હતા. સત્તાવાર યાદી મુજબ, ઉત્તરાયણ નિમિત્તે ગઈકાલે ઊંચાઈ પરથી પડવાના કેસમાં 92 ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો.

. . . . . . . . . . . . .

## KARUNA ABHIYAN

રાજ્યભરમાં આગામી 20 જાન્યુઆરી સુધી કરૂણા અભિયાન ચાલી રહ્યું છે. તે અંતર્ગત રાજ્યભરમાં હાલ કુલ 450 જેટલા સંગ્રહ કેન્દ્ર, 85 જેટલા નિયંત્રણ ખંડ અને 480થી વધુ સારવાર કેન્દ્ર અબોલ પક્ષીઓના સારવાર અને બચાવ કાર્ય માટે કાર્યરત્ છે.

ઈજાગ્રસ્ત પક્ષીઓની સારવાર માટે લોકો હૅલ્પલાઈન નંબર 1962 ડાયલ કરી શકશે. જ્યારે પક્ષી સારવાર કેન્દ્રની વિગત વાઈલ્ડ લાઈફ હૅલ્પલાઈન નંબર 83200-02000 પર ફોન કરી મેળવી શકશે.

. . . . . . . . . . . . .

POST OFFICE PENSION ADALAT

અમદાવાદમાં આગામી 30 જાન્યુઆરીએ પૅન્શન અદાલત યોજાશે. શાહીબાગ વિસ્તારમાં સ્પીડપૉસ્ટ ભવનમાં આવેલી પૉસ્ટમાસ્ટર જનરલ હેડ ક્વાર્ટર પરિક્ષેત્રની કચેરી ખાતે સવારે 11 વાગ્યે પૅન્શન અદાલતનું આયોજન કરાયું છે. તેમાં ટપાલ વિભાગના નિવૃત્ત કર્મચારીઓના નીતિ વિષયક મુદ્દા સિવાયના પૅન્શનને લગતા અન્ય મુદ્દાઓ સંબંધિત ફરિયાદોનો નિકાલ કરાશે.

પૅન્શન અદાલત માટે અરજદારોએ આગામી 22 જાન્યુઆરી સુધીમાં પોતાની ફરિયાદ શાહીબાગની કચેરી ખાતે મોકલવાની રહેશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

ICC U19 WORLD CUP

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ ICCની 19 વર્ષથી ઓછી વયના ખેલાડીઓ માટેના વિશ્વકપની સ્પર્ધાનો આજથી પ્રારંભ થયો છે. ઝિમ્બાબ્વેમાં પહેલી મૅચ ભારત અને સંયુક્ત રાજ્ય અમેરિકા – USAની ટીમ વચ્ચે રમાઈ રહી છે. ભારતીય ટીમે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરતાં USAની ટીમે અત્યાર સુધીમાં 20.1 ઑવરમાં 5 વિકેટ ગુમાવી 52 રન કર્યા છે.

ભારતીય ટીમ આયૂષ મ્હાત્રે અને USAની ટીમ ઉત્કર્ષ શ્રીવાસ્તવની આગેવાની હેઠળ રમી રહી છે.

. . . . . . . . . . . . .

MAHISAGAR ANAJ KHARIDI

મહીસાગરમાં ખેડૂતો પાસેથી ટેકાના ભાવે અનાજની ખરીદી કરવામાં આવી રહી છે. સમગ્ર જિલ્લામાં પાંચ હજાર 596 જેટલા ખેડૂતોએ ટેકાના ભાવે ડાંગર આપવા નોંધણી કરાવી છે. લુણાવાડા ખાતે અત્યાર સુધીમાં ત્રણ હજાર 150 ટન ડાંગરની ખરીદી કરવામાં આવી છે. ખેડૂતોએ 20 કિલો ડાંગરના 473 રૂપિયા 80 પૈસાનો ભાવ મળવા અંગે આનંદ વ્યક્ત કર્યો છે.

. . . . . . . . . . . . .